પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૨૮ | ૨૮ ઓક્ટોબર, ૨૦૨૧, ગુરૂવાર; આસો વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પેગાસસની તપાસ માટે સુપ્રીમે સમિતિ રચી

## સરકારે સોગંદનામું રજૂ ન કર્યું : ત્રણ મેમ્બર્સની ટીમ આ મામલાની તપાસ કરશે, જેની આગેવાની સુપ્રીમના પૂર્વ જજ આર.વી. રવિન્દ્રન કરશે

નવી દિલ્હી , તા.૨૭

સુપ્રીમ કોર્ટે પેગસસ જાસૂસી મામલે થયેલા વિવાદની તપાસ કરવા માટે એક્સપર્ટ કમિટિની રચના કરી છે. આ કથિત જાસૂસીકાંડ દ્વારા કેટલાક લોકોની તેમજ સંસ્થાઓની જાસૂસી કરવામાં આવી હોવાના આક્ષેપ છે. જેમાં અમુક વ્યક્તિઓના ફોનમાં કથિત રીતે એક સોફ્ટવેર ઈન્સ્ટોલ કરી દેવાયું હતું, જેનાથી તેમના ફોન પર થતી તમામ ગતિવિધિઓ પર નજર રાખવામાં આવતી હતી.

ચીફ જસ્ટિસ એન.વી. રમન અને જસ્ટિસ સૂર્યકાંત અને હિમા કોહલીએ આજે જણાવ્યું હતું કે, ત્રણ મેમ્બર્સની ટીમ આ મામલાની તપાસ કરશે, જેની આગેવાની સુપ્રીમના ભૂતપૂર્વ જજ આર.વી. રવિન્દ્રન કરશે. ઉલ્લેખનીય છે કે, આ મામલે રાષ્ટ્રીય સુરક્ષાનું કારણ આગળ ધરીને કેન્દ્ર સરકારે વિગતવાર સોગંદનામું દાખલ કરવાનો ઈનકાર કરી દીધો હતો. કોર્ટે તપાસ સમિતિને બે મહિનાનો સમય આપ્યો છે.

કોર્ટે સુનાવણી દરમિયાન જણાવ્યું હતું કે, આપણે માહિતીના યુગમાં રહીએ છીએ અને ટેક્નોલોજી ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે તે આપણે માનવું રહ્યું, તેવામાં રાઈટ ટુ પ્રાઈવસીની રક્ષા થવી પણ જરુરી છે. દેશનો દરેક નાગરિક તેના રાઈટ ટુ પ્રાઈવસીનો ભંગ ના થાય તે માટે હક્કદાર છે, અને પેગાસસ સોફ્ટવેર દ્વારા કથિત જાસૂસી કરાતી હોવાના આક્ષેપ ગંભીર છે, જેનું સત્ય બહાર આવવું જરુરી છે.

આજે થયેલી સુનાવણીમાં કોર્ટે જણાવ્યું હતું કે સરકારે આ મામલામાં કોઈ ચોક્કસ ઈનકાર નથી કર્યો. તેવામાં પિટિશનર દ્વારા કોર્ટ સમક્ષ રજૂ કરાયેલી વિગતો સ્વીકારવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. કોર્ટ આ આક્ષેપોની તપાસ કરવા માટે એક્સપર્ટ કમિટિની રચના કરે છે, જે કોર્ટની નજર હેઠળ કામ કરશે. આ સમિતિમાં સુપ્રીમના પૂર્વ જજ

ઉપરાંત આલોક જોષી અને સંદીપ ઓબરોયનો સમાવેશ કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# આર્યન ખાનને જામીન ન મળ્યા, આજે સુનાવણી કરાશે

## વકીલનો ધરપકડ સામે સવાલ, જ્યાં કોઈ કાવતરું નથી, પંચનામામાં અલગ-અલગ સેવનનો મામલો છે તો તેમાં ધરપકડ કરવાની જરૂર શું હતી ?

મુંબઈ, તા.૨૭

ડ્રગ્સ કેસમાં બોલીવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાનની જામીન અરજીની પર બુધવારે સુનાવણી યોજાઈ હતી. જોકે, સતત બીજા દિવસે સુનાવણીનો ચુકાદો જાહેર કરવામાં આવ્યો નથી. હવે વધુ સુનાવણી આવતીકાલે ગુરૂવારે કરવામાં આવશે. મંગળવારે પણ સુનાવણી થઈ હતી પરંતુ ત્યારે પણ તેનો ચુકાદો આપવામાં આવ્યો ન હતો.




બુધવારે સુનાવણીમાં અરબાઝ મર્ચન્ટના વકીલ અમિત દેસાઈએ દલીલો કરી હતી. તેમણે મર્ચન્ટ તરફથી દલીલ કરી હતી કે, મારી પાસે છ ગ્રામ ચરસ મળ્યું હતું પરંતુ તેઓ ૨૧ ગ્રામ ચરસની વાત કરી રહ્યા છે. જ્યાં સુધી વોટ્સએપ ચેટ્સની વાત છે તો વોટ્સએપ ચેટ્સમાં એવું કંઈ નથી જે કાવતરાની થિયરીનું સમર્થન કરે છે.

તેમણે કહ્યું હતું કે ૩ ઓક્ટોબરે ધરપકડ કરવામાં આવી હતી ત્યારે મેમોમાં ક્યાંય પણ કાવતરાનો ઉલ્લેખ નથી. ફક્ત ડ્રગ્સ સેવનની વાત છે. તેમણે ધરપકડ સામે સવાલ ઉઠાવતા કહ્યું હતું કે જ્યાં કોઈ કાવતરું નથી, પંચનામામાં અલગ-અલગ સેવનનો મામલો છે, જ્યારે કોઈ મામલો જ નથી તો તેમાં ધરપકડ કરવાની જરૂર શું હતી?

સુનાવણી શરૂ થતાં જ અમિત દેસાઈએ અરબાઝનો એરેસ્ટ મેમો વાંચવાનું શરૂ કર્યું હતું. દેસાઈએ કહ્યું હતું કે, ૩ ઓક્ટોબરે બપોરે ત્રણ લોકોની (આર્યન, અરબાઝ અને મુનમુન ધમેચા)ની કલમ ૨૭એ અને ૨૯ વગર સમાન ગુના માટે ધરપકડ કરવામાં આવે છે. તેમની ફક્ત ૨૦ (બી) અને ૨૭ અંતર્ગત ધરપકડ કરવામાં આવી છે. તેનો મતલબ છે કે ફક્ત ડ્રગ્સનું સેવન કરવા માટે પકડવામાં આવ્યા હતા. કલમ ૨૭ અને ૨૦ (બી) સેવન માટે હતી જે એરેસ્ટ મેમોમાં છે.





# કેપ્ટન અમરિંદર સિંહે નવી પાર્ટીની કરેલી જાહેરાત

## ૧૧૭ વિધાનસભા સીટો પર ચૂંટણી લડીશું : એક વખત ચૂંટણી પંચમાંથી મંજૂરી મળ્યા બાદ તે જલદી પાર્ટીના નામ અને ચૂંટણી ચિન્હની જાહેરાત કરીશું : અમરિંદર

નવી દિલ્હી, તા.૨૭

પંજાબના પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે બુધવારે જાહેરાત કરી કે તે પોતાની રાજકીય પાર્ટી બનાવી રહ્યા છે. પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યુ- એક વખત ચૂંટણી પંચમાંથી મંજૂરી મળ્યા બાદ તે જલદી પાર્ટીના નામ અને ચૂંટણી ચિન્હની જાહેરાત કરશે. તેમણે ચંડીગઢમાં એક પત્રકાર પરિષદને સંબોધિત કરતા કહ્યું- ચૂંટણી પંચ પાસે મંજૂરી મળ્યા બાદ પાર્ટીની રચના થશે અને મારા વકીલ તેના પર કામ કરી રહ્યા છે.

કેપ્ટન અમરિંદર સિંહે પંજાબમાં પોતાની સરકારની ૪.૫ વર્ષની સિદ્ધિઓ ગણાવી અને પત્રકાર પરિષદમાં બધાને જણાવી હતી. કેપ્ટન અમરિંદર સિંહે કહ્યુ- જ્યારે સમય આવશે તો અમે તમામ ૧૧૭ વિધાનસભા સીટો પર ચૂંટણી લડીશું. પછી ભલે તે કોઈ પાર્ટી સાથે ગઠબંધન હોય કે પછી બધી સીટો પર ઉમેદવાર ઉતારવા પડે. કેપ્ટન અમરિંદર સિંહે પોતાની પત્રકાર પરિષદમાં પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ નવજોત સિંહ સિદ્ધુ ના સંબંધમાં વાત કરતા કહ્યુ કે, તે જ્યાંથી ચૂંટણી લડશે, અમે તેની વિરુદ્ધ ઉમેદવાર ઉતારીશું. ઉલ્લેખનીય છે કે સિદ્ધુએ કેપ્ટન અમરિંદર સિંહને નિશાન બનાવતા ટ્વીટ કર્યુ છે. તેના પર પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યુ, તેને કંઈ ખ્યાલ નથી, તે વધુ બોલે છે, તેને મગજ નથી. મેં ક્યારેય અમિત શાહ અને ઢિંઢસા સાથે આ સંબંધમાં વાત કરી નથી, પરંતુ હું કરીશ.




# પાક.ના કબજાવાળું કાશ્મીર પણ ભારતનો હિસ્સો બનશે : વાયુસેનાના વડા

નવી દિલ્હી, તા.૨૭

ભારતીય સેના આજે ઈન્ફેન્ટ્રી ડે મનાવી રહી છે. આજના દિવસે એટલે કે ૨૭ ઓક્ટોબર,૧૯૪૭ના રોજ પહેલી વખત ભારતીય સેનાએ પાકિસ્તાન સામે કાશ્મીરમાં જગંની શરૂઆત કરી હતી.

આજે ઈન્ફન્ટ્રી ડે નિમિત્તે વાયુસેનાના વેસ્ટર્ન કમાન્ડના વડા એર માર્શલ અમિત દેવે સંબોધન કરતા પાકિસ્તાનને સીધા શબ્દોમાં ચીમકી આપી હતી. તેમણે કહ્યુ હતુ કે, ભારતીય સેનાએ હંમેશા કાશ્મીરની સુરક્ષા કરી છે. અમને પૂરો વિશ્વાસ છે કે, એક દિવસ પાકિસ્તાનના કબ્જા હેઠળનુ કાશ્મીર પણ જમ્મુ કાશ્મીરનો હિસ્સો બનશે અને કાશ્મીર સંપૂર્ણ રીતે આતંકવાદથી મુક્ત બનશે.

